# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-07-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે આણંદમાં ત્રિભુવન સહકારિતા વિશ્વવિદ્યાલયનો શિલાન્યાસ કર્યો
2. વ્યાયામ શિક્ષકોની ભરતી માટે રાજ્ય સરકારે સમિતિની રચના કરી
3. વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ સાથે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં આજથી દર શનિવારે બેગલેસ ડેની શરૂઆત
4. ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે "ગુજરાત વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો નીતિ-GCC 2025-30ને પ્રોત્સાહન આપવા ગોળમેજી ચર્ચા થઈ
5. રાજ્યના 158 તાલુકામાં આજે મેઘમહેર-આગામી 7 દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# AMIT SHAH-SAHKARITA UNIVERSITY

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદમાં ત્રિભુવન સહકારિતા વિશ્વવિદ્યાલયનો શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે શ્રી શાહે સહકારી ક્ષેત્રના ઉજ્જવળ ભવિષ્ય અને તેના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે સહકારી ક્ષેત્રના વિકાસમાં રહેલી ખામીઓ ઓળખી અને તેના વિકાસ માટે 60 નવી પહેલ અમલમાં મૂકવામાં આવી છે. શ્રી શાહે કહ્યું, આ વિશ્વવિદ્યાલય 125 એકરમાં 500 કરોડ રૂપિયાના ખર્ચે બની રહી છે અને તે નીતિ નિર્માણ, ડેટા વિશ્લેષણ, સંશોધન અને લાંબા ગાળા માટેની વિકાસ રણનીતિ ઘડવાનું કામ કરશે. તેમણે ઉમેર્યું દેશમાં 40 લાખ કર્મચારીઓ સહકારી પ્રવૃત્તિ સાથે જોડાયેલા છે.

(બાઇટ: અમિત શાહ, કેન્દ્રીય સહકાર મંત્રી)

શ્રી શાહે ગુજરાતના શૈક્ષણિક અભ્યાસક્રમમાં સહકારી પ્રવૃત્તિનો સમાવેશ કરવાનું પ્રેરક સૂચન કર્યું. શ્રી શાહે સહકાર મંત્રાલયની સ્થાપનાને ગરીબ અને ગ્રામીણ લોકોના આર્થિક સશક્તિકરણ માટે એક ઐતિહાસિક પગલું ગણાવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ત્રિભુવનદાસ પટેલ યુનિવર્સિટીથી સમગ્ર દેશમાં નવા યુગની સહકારિતા સંસ્કૃતિનું નિર્માણ કરશે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

કાર્યક્રમ દરમિયાન શ્રી શાહ, શ્રી પટેલ સહિતના મહાનુભાવો દ્વારા NCERTના સહકારિતાના પાઠ્યપુસ્કતના બે મોડ્યુઅલનું વિમોચન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . .

# TEACHER COMMITTEE

વ્યાયામ શિક્ષકોની ભરતી માટે રાજ્ય સરકારે સમિતિની રચના કરી છે. જેમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં અગ્ર સચિવ અધ્યક્ષ રહેશે. આ સમિતિમાં અધ્યક્ષ સહિત 10 સભ્યો હશે. જેમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતનાં એક સભ્યનો પણ સમાવેશ કરાયો છે. પ્રાથમિક શિક્ષણ તેમજ માધ્યમિક શિક્ષણના નાયબ સચિવ આ સમિતિમાં સચિવ રહેશે. ક્રીડા ભારતી અને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના એક-એક સભ્ય આ સમિતિમાં સભ્ય તરીકે રહેશે. આ નિર્ણયને અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે આવકાર્યો હતો.

(બાઇટ: ભીખાભાઈ પટેલ, આગેવાન, અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ)

ઉલ્લેખનીય છે કે વ્યાયામ શિક્ષકો અંગેના આંદોલન સમયે મુખ્યમંત્રીએ સમિતિ બનાવવા માટે આશ્વાસન આપ્યું હતું.

. . . . . . . . . . .

# BAGLESS DAY

વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ સાથે રાજ્યની પ્રાથમિક શાળાઓમાં આજથી દર શનિવારે બેગલેસ ડેની શરૂઆત થઈ. સરકાર દ્વારા ભાર વિનાનું ભણતર બનાવવા પ્રાથમિક શાળાઓમાં એકમ કસોટીની જગ્યાએ દર શનિવારને બેગલેસ ડે જાહેર કરાયો હતો. આજે શાળાના બાળકો દફતર લીધા વગર શાળાએ ગયા હતા અને વિદ્યાર્થીઓનો શારીરિક અને માનસિક વિકાસ માટેની પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાની વાલોથી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ રચનાત્મક પ્રવૃતિઓ કરી ખુશી અનુભવી.

(બાઈટ: દિવ્યા રાઠવા, વિદ્યાર્થિની)

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં પીએમશ્રી વણઝારાવાસ પ્રાથમિક શાળામાં આજે બાળમેળો અને રેલવે અને બસ સ્ટેશનની મુલાકાતનુ આયોજન કરાયું.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# GIFT CITY ROUND TABLE

ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે “ગુજરાત વૈશ્વિક ક્ષમતા કેન્દ્રો નીતિ-GCC 2025-30ને પ્રોત્સાહન આપવા ગોળમેજી ચર્ચા યોજાઈ. આ ચર્ચામાં વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધારે જણાવ્યું ગુજરાતની નીતિઓ ભારતના સેવા ક્ષેત્રના રાષ્ટ્રીય વિઝન સાથે સુસંગત છે. તેમણે કહ્યું હતું કે, ફક્ત છેલ્લા એક વર્ષમાં જ રાજ્ય સરકારે નવીનતા, રોકાણ અને સર્વસમાવેશક વિકાસને પ્રોત્સાહન આપતી નવી પાંચ નીતિઓ અમલમાં મૂકી છે.

(બાઇટ: મોના ખંધાર, અગ્ર સચિવ)

HSBCના સીઈઓ અને ગિફ્ટસિટી બ્રાન્ચના વડા આશિષ ત્રિપાઠીએ ગુજરાતમાં નવીનતા અને રોકાણ માટે HSBCની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યમાં આજે 158 તાલુકામાં આજે વરસાદ પડ્યો છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકામાં સૌથી વધુ સાડા ચાર ઇંચ વરસાદ નોંધાયો છે. જ્યારે કલ્યાણપુરમાં પોણા ચાર ઇંચ વરસાદ વરસ્યો છે. ધોધમાર વરસાદના પગલે જનજીવન પ્રભાવિત થયું છે. વલસાડ જિલ્લાના કપરાડામાં ચાર ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવીમાં પણ સાડા ત્રણ ઇંચ વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે.

તાપી જિલ્લામાં વ્યારા તાલુકામાં 3.5 ઇચ જેટલો વરસાદ પડતા નદીઓ બે કાંઠે થઈ હતી. વ્યારાથી જેતપુર મદાવને જોડતો લો લેવલ કોઝવે પાણીમાં ગરકાવ થયો હતો. જિલ્લામાં વરસાદ વચ્ચે 25 જેટલા પંચાયત હસ્તકના રસ્તા બંધ કરાયા છે.

ડાંગ જિલ્લામા છેલ્લા 10 કલાકમાં આહવા અને વઘઇ તાલુકામા 3 ઇંચથી વધુ અને સુબીર તાલુકામા દોઢ ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે

જિલ્લા પંચાયત હસ્તકના ૪ જેટલા માર્ગો વરસાદી પાણીને કારણે અવરોધાતા તે બંધ કરાયા છે.

ઉપરવાસમાં વરસાદને કારણે અરવલ્લી જિલ્લાના જળાશયોમાં મોટાભાગે 50 ટકા પાણીનો જથ્થો છે. મેશ્વો જળાશયમાં પાંચસો ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી હોવાનું સિંચાઈ વિભાગના અધિકારીએ જણાવ્યું છે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

આગામી 7 દિવસ રાજ્યમાં સાર્વત્રિક વરસાદની આગાહી છે. આજે કચ્છ, પોરબંદર, દ્વારકા, અરવલ્લી, મહીસાગર અને દક્ષિણ ગુજરાતમાં છુટા છવાયા સ્થળોએ અતિભારે વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ સૌરાષ્ટ્ર અને કચ્છ ઉપર વરસાદી સિસ્ટમ સક્રિય હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

. . . . . . . . . . .

## BANASKANTHA - CATCH THE RAIN

કેન્દ્ર સરકારના કેચ ધ રેઇન–2025" અભિયાનને બનાસકાંઠા જિલ્લાવાસીઓએ સાર્થક બનાવ્યું છે. જિલ્લામાં ભારે વરસાદ પડતાં ખેડૂતોએ પોતાના ખેતરમાં જ વરસાદી પાણીને જમીનમાં ઉતાર્યું છે. જિલ્લા કલેકટર મિહિર પટેલે જણાવ્યું, આ અભિયાનમાં 14 તાલુકામાં અંદાજે 22 હજાર કરતા વધારે રિચાર્જ શોષ કુવાનું નિર્માણ પૂરું થયું છે.

(બાઇટ: મિહિર પટેલ - જિલ્લા કલેકટર)

. . . . . . . . . . .

## LEARNING LICENCE

રાજ્યમાં 7 જુલાઈથી ફેસલેસ લર્નિંગ લાયસન્સ સેવાનો પ્રારંભ થશે. અરજદારો ઘરે બેઠા જ ઓનલાઈન લર્નિંગ લાયસન્સની પરીક્ષા આપી

શકશે. સમાંતર લર્નિંગ લાયસન્સ મેળવવાની જૂની પદ્ધતિ પણ ચાલુ રહેશે.

. . . . . . . . . . .

# MAHORAM - BRTS BUS

અમદાવાદ શહેરમાં આવતીકાલે મહોરમ તહેવાર નિમિત્તે વાહન વ્યવહારના સરળ નિયમન માટે બપોરના દોઢ વાગ્યાથી અન્ય સૂચના ન મળે ત્યાં સુધી બીઆરટીએસ બસોમાં ફેરફાર કર્યો છે. જેમાં નારોલથી સારંગપુર દરવાજા રૂટ નંબર 7 અને આરટીઓ સરક્યુલર રૂટ નંબર 101 બંધ રહેશે. જ્યારે ઓઢવ એસપી રીંગ રોડથી ઇસ્કોન ક્રોસ રોડ રૂટ નંબર બે ના બદલે ઇસ્કોન ક્રોસ રોડથી લૉ ગાર્ડન સુધી ચાલશે.

ઓઢવ એસપી રીંગ રોડથી એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ રૂટ નંબર 11 ના બદલે ઓઢવ એસપી રીંગ રોડથી અજીત મિલ ચાર રસ્તા સુધી રહેશે. મણીનગરથી ગોતા વસંતનગર ટાઉનશીપ રૂટ નંબર 9 ના બદલે ગોતા વસંતનગરથી એલડી કોલેજ સુધી અને સાણંદ સર્કલથી સારંગપુર દરવાજા રૂટ નંબર 14 ના બદલે સાણંદ સર્કલથી દાણીલીમડા ચાર રસ્તા સુધી રહેશે.

સોમા ટેક્ષટાઇલ્સ, નારાયણ હોસ્પિટલ, કાલુપુર ઘી બજાર, કાલુપુર, સારંગપુર દરવાજા, રાયપુર દરવાજા, આસ્ટોડીયા દરવાજા, આસ્ટોડિયા ચકલા, રાયખડ ચાર રસ્તા, એમ.જે.લાયબ્રેરી, ગીતામંદિર, ભુલાભાઇ પાર્ક જેવા સ્ટેશન બંધ રહેશે.

. . . . . . . . . . .